# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

નં.વિશા/એ સેકશન/પરમીટ/ ૧,૯૬/૨૦૧૯
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ,અમદાવાદ શહેર. તા. ૧૭/૧૦/૨૦૧૯

આગામી તા.૨૨/૧૦/૨૦૧૯ ના રોજ અમદાવાદ મહાનગર પાલિકા બહેરામપુરા-૩૫ વોર્ડની પેટાચુંટણી ૨૦૧૯ યોજાનાર છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ ની જોગવાઇ તથા ગુજરાત રાજ્યના ચુંટણીપંચ ગાંધીનગર દ્વારા આપેલ સુચના મુજબ રાજકીય પ્રચારનો સમયગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં રાજકીય પદાધિકારીઓની હાજરી ઉપર પ્રતિબંધ અંગેની જોગવાઇ કરી અને સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.જે મુજબ અમદાવાદ શહેર વિસ્તાર માં નીચેની બાબતો અંગે થાય તે માટે પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થયા બાદ મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહિ તે હકિકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓને ચૂંટણી પ્રચારનો સમય પૂર્ણ થયા બાદ મતદાર વિભાગમાં હાજર રહેવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) ચૂંટણીના પ્રચાર માટે આવેલ રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરેને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથીગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહિં.

(૩) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૨૬ મુજબ મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાક (એટલે કે મતદાન પૂર્ણ થવાના સમય પૂર્વના ૪૮ કલાક ) ના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ છે. આથી જે તે મત વિભાગના મતદાર ન હોય તેવા અને મત વિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા કોઈ પણ પક્ષના રાજકીય કાર્યકર્તા.પક્ષના પ્રચારક વિગેરેએ ચૂંટણી પ્રચારના અંત આવતા જે તે મત વિભાગ છોડીને જતા રહેવાનું રહેશે.અલબત,જે તે સંસદીય/ વિધાનસભા મત વિભાગમાંથી ચૂંટાયેલા સંસદ સભ્ય /વિધાનસભાના સભ્યને તેઓ જેતે મત વિભાગના મતદાર હોય કે ન હોય તો પણ તેઓ મત વિભાગમાં રહી શકશે.પરંતુ તેઓ ઉપર મુજબ ચૂંટણી પ્રચારનો અંત આવ્યા પછી જે તે મત વિભાગમાંથી ચૂંટાયેલા હોય તે મત વિભાગમાં જ રોકાશે તથા અન્ય મત વિભાગની મુલાકાત લેશે નહી.

(૪) મતદાન પુરૂ થવાના સમયની તુરંત પહેલાના ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર માટે ઘેર-ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યક્તિ જઈ શકશે. પાંચથી વધુ વ્યક્તિઓને લઈ જઈ શકાશે નહી. વધુમાં,ઉપર્યુકત પ્રતિબંધના સમય દરમ્યાન પક્ષના કાર્યકરો/નેતાઓ જેના પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી,મફલર પહેરી શકશે પરંતુ તેઓને બેનર્સ પ્રદર્શિત કરવાની મંજુરી આપી શકશે નહી.

(૫) ચૂંટણી પૂર્ણ થવાના કલાક પહેલા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન સ્ટાર પ્રચારકો તથા રાજકીય નેતાઓ મીડીયા સમક્ષ ચૂંટણી સબંધિત પ્રેસ કોન્ફરેન્સ યોજી શકશે નહી.

(૬) આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.તેમજ ઉપર જણાવ્યા મુજબ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ ની જોગવાઈઓનું રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરેએ ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.આ જોગવાઈનો ભંગ કરનાર સામે ઉકત જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના બહેરામપુરા-૩૫ વોર્ડ ના સમગ્ર વિસ્તારને લાગું પડશે.

આ હુકમનો અમલ તા-૨૦/૧૦/૨૦૧૯ ના કલાક ૦૦/૦૦ થી તા-૨૨/૧૦/૨૦૧૯ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમની બહોળી પ્રસિધ્ધિ વર્તમાનપત્રો દ્વારા જાહેર જગ્યાએ ચોંટાડીને,લાઉડ સ્પીકર તેમજ આકાશવાણી અને દૂરદર્શન દ્વારા કરવાની રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનર રેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધીકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૧૭/૧૦/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

( એ.કે સિંઘ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.
(૩) પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી અમદવાદ/જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ મીરજાપુર અમદાવાદ
(૮) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ
(૯) રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મીજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૧૧) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી
(૧૨) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

(૧) સ્પેશિયલ/અધિક પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧,૨ અમદાવાદ શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિ.શ્રી ક્રાઇમબ્રાંચ/ટ્રાફિક શાખા, અમદાવાદ શહેર.
(૩) તમામ નાયબ પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર
(૪) તમામ અધિક નાયબ પોલીસ કમિશનરશ્રી/મદદનીશ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૫) મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધિ કરવા સારૂ.
(૬) સીનીયર સરકારી વકીલશ્રી અમદાવાદ શહેર.
(૭) જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)
(૮) તમામ પો.ઈન્સ.શ્રીઓ અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ. )
(૯) પોલીસ ઈન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૧૦) પોલીસ સબ ઈન્સ.શ્રી સાબરમતી રેલ્વે.પો.સ્ટે.